# નવો ઉત્ક્રાંતિવાદ

હું સ્કૂલમાં ભણતી હતી ત્યારે અમારા એક શિક્ષિકા બહેન અમને ધમકી આપતાં કહેતાં, 'લખો, આંગળીઓ દુ:ખી જાય એટલું લખવાનું રાખો નહીંતર સમય જતાં તમારી આંગળીઓ ખરી જશે!'

અમે એ બેનનું મોઢું તાકી રહેતાં, બધાની નજરમાં એક જ કોમન સવાલ હોતો, 'ખરેખર એવું થાય?'

એ બેન પછી હસીને કહેતા, 'પહેલાના માનવીને પૂંછડી હતી પણ એનો ઉપયોગ ના થતાં એ ખરી ગઈ.'

અમે સમજી જતાં અને લખવા લાગતાં. હવેનાં મોબાઈલ અને કમ્પ્યુટરનાં જમાનામાં શિક્ષકો એ સોનેરી વાક્ય આજના છોકરાઓને નહિ કહી શકે. બધાની આંગળીઓ એય ને મસ્ત રીતે આખો દિવસ કી બોર્ડ પર ચાલ્યે રાખે છે...

એકબીજા ઉપર આંગળી કરવાનું પ્રમાણ પણ હવે વધી ગયું છે. સવારે ઉઠ્યા નથી કે ફોન હાથમાં લીધો નથી... ક્રિકેટમાં એક એમ્પાયર હોય જે એની આંગળીઓથી ઈશારા કરી આઉટ થયો કે છક્કો માર્યો એ બતાવે. સોશ્યલ મીડિયા બધાને એમ્પાયર થવાની તક આપે છે, જોયા વગર, જાણ્યા વગર, સમજ્યા વગર તમે ઈચ્છો એવી ટકોર/સલાહ ગમે તેવી મોટી હસ્તીનેય આપી શકો છો. એક અંગૂઠો ઉપર કરીને અપાયેલી લાઈકનું મૂલ્ય તુમ ક્યા જાનો રમેશ બાબુ, આવા ડાયલોગ ભવિષ્યમાં જોવા મળે તો નવાઈ નથી.

પહેલાં કરતાં આજના પુરુષોના વાળ જલદી ખરવા લાગે છે એની પાછળ પણ આવું જ કારણ છે. પહેલાં બધા છોકરાઓ માથામાં ચિક્કાર તેલ નાંખતા, સ્કુલ કોલેજમાં ભણતા જૂના જમાનાનાં છોકરાઓને યાદ કરો. એમના ભરપૂર તેલ પાયેલા, ચપ્પટ ઓળેલા વાળ પર આખું વાવાઝોડું પસાર થઈ જતું તોય એક વાળ એની જગ્યાએથી



## લવ યુ જિંદગી

**નિયતી કાપડીયા**

હલતો નહીં પછી ખરવાની તો વાત જ ક્યાં આવે! એ લોકો રોજ વાળને તેલ પાઈ, જરીક પણ ના હલવાની ટ્રેનીંગ આપતા અને એટલે જ એમના વાળ ટકી જતા.

આજના છોકરાઓને તમે ધ્યાનથી જોજો એના માથાના વાળ સાદા હશે અને એ જ સમયે તમે એની દાઢી પર નજર નાખજો. કેટલી જાતની નવી નવી સ્ટાઈલ! ક્યાંકથી લાંબા, ક્યાંકથી સાવ મુંડેલા, ક્યાંકથી ગૂંચળું વાળેલા, ક્યાંકથી રંગેલા અને એટલે જ આજના છોકરાઓને માથાના પ્રમાણમાં દાઢીના વાળનો જથ્થો વધતો જાય છે.

આજની છોકરીઓની ફરિયાદ હોય છે કે એમના નખ બટકાઈ જાય છે. અહીંયા પણ એ જ કારણ, વપરાશનો અભાવ! પહેલાં છોકરીઓ ઝઘડે ત્યારે નખ એમનું અમોઘ શસ્ત્ર રહેતું. વટાણા ફોલતી વખતે નખનો મહત્તમ ઉપયોગ થતો. ભીંત પરથી ચૂનાની પોપડી ઉખેડવામાં પણ નખ કામમાં આવતા. હવે લોકો ફોલેલા તૈયાર દાણા લઈ આવે છે. લડાઈમાં એકબીજા ને નહોરિયા ભરવાની કળા લગભગ લુપ્ત થવાને આરે છે. આજની છોકરીઓ તો કાન ખોતરવા પણ નખ નથી વાપરતી...પછી થાય શું? નક્કામા પડ્યા પડ્યા બટકાઈ જ જાય કે બીજું કંઈ? પાછું કંઈ કહીએ તો નાક ચઢાવીને કહેશે, "ઈયું... એ મેનર્સ નથી.' ભવિષ્યમાં આમ નાક ચઢાવી દેવાની ટેવ વાળા દરેકના ખાનદાનમાં ઊંચા નાક વાળી સંતતિ જ પેદા થશે જોજો.

હમણાંથી લોકોએ બોલવાનું ઓછું કરી નાખ્યું છે. ઘરમાં, રેસ્ટોરામાં કે બગીચામાં બેઠેલા મિત્રો/પરિવારને જોજો. દરેકનાં હાથમાં મોબાઈલ હશે અને બધાં એમાં જ વ્યસ્ત હશે. બોલવાની જગ્યાએ ટાઈપ કરવાનો જમાનો આવી ગયો છે ત્યારે ભવિષ્યમાં માણસની લુલિ એટલે કે જીભ સ્પષ્ટ શબ્દો બોલવાને બદલે વિચિત્ર અવાજ જ કરતી હોય એવું શક્ય ખરું.

જે નક્કામું છે એ બધું બદલાઈ જવાનું એ વાત સાચી માનીને ચાલીએ તો મને ચિંતા એ માણસોની થાય છે જેમને દિવસમાં દસ વાર સાંભળવું પડે છે કે, સાવ નક્કામો છે. ભવિષ્યમાં બધાં નક્કામા માણસો ગાયબ થઈ જશે અને ફક્ત કામઢા માણસો જ બચશે... ભગવાન બચાવે આ દુનિયાને!

**અમસ્તું,**

**જે લોકોને એમ લાગે છે કે ઘરમાં રહેતી સ્ત્રીઓ કાંય કરતી નથી, ખાઈ પી ને આરામ જ કરે છે એ આનંદો, ભવિષ્યમાં એવી પત્નીઓની એક આખી જાતિ લુપ્ત થઈ જવાની...**

---

**શિક્ષણ કાર્ય પર અસર પડવાની શક્યતાનાં કારણોસર વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય**

# આર.ટી.ઈ. પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત નહીં લંબાવાય

**RTE પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ તા.૧૧/૦૯/૨૦૨૦ના રોજ જાહેર કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨


રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ RTE પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત લંબાવવાની માંગ સંદર્ભે જણાવ્યુ છે કે, વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય પર અસર ડવાની શક્યતા હોવાથી ઈ્ઈ પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત લંબાવવામાં આવશે નહીં. રાજ્યની ખાનગી શાળાઓ દ્વારા ઓનલાઈન શિક્ષણ કાર્ય શરૂ કરી દેવામાં આવ્યુ છે ત્યારે જો RTE પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરવાની મુદત લંબાવવામાં આવે અથવા નામંજુર થયેલા ફોર્મમાં સુધારા કરવાની મુદત આપવામાં આવે તો, ઈ્ઈ હેઠળના પ્રવેશનો પ્રથમ રાઉન્ડ સમયસર જાહેર કરી શકાય નહી. જેથી, વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય પર અસર પડવાની સંભાવના રહેલી છે.

મંત્રી શ્રી ચુડાસમાએ વધુમાં જણાવ્યું હતુ કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં RTE હેઠળ પ્રવેશ માટે તા.૦૭/૦૮/૨૦૨૦ના રોજ વર્તમાનપત્રોમાં જાહેરાત આપવામાં આવી હતી. ઓનલાઈન ફોર્મ ભરવા માટે જરૂરી આધાર-પૂરાવા અરજદારો એકઠા કરી શકે તે માટે તા.૦૭/૦૮/૨૦૨૦ થી તા.૧૮/૦૮/૨૦૨૦ સુધીનો કુલ ૧૧ દિવસનો સમય વાલીઓને આપવામાં આવ્યો હતો. ત્યારબાદ, ઓનલાઈન ફોર્મ ભરવા માટે તા. ૧૯/૦૮/૨૦૨૦થી તા. ૨૯/૦૮/૨૦૨૦ સુધીનો કુલ ૧૦ દિવસનો સમય અરજદારોને આપવામાં આવ્યો હતો. આમ, જરૂરી ડોક્યુમેન્ટ એકત્ર કરી ફોર્મ ભરવા માટે એકંદરે કુલ ૨૩ દિવસ જેટલો સમય વાલીઓને આપવામાં આવ્યો છે.

ચુડાસમાએ ઉમેર્યુ હતુ કે,

- **રાજ્યભરમાંથી આવેલી કુલ ૨,૦૪,૪૨૦ અરજીઓ પૈકી ૧,૧૯,૬૯૭ અરજીઓ એપ્રુવ, ૨૪,૦૪૫ અરજીઓ રિજેક્ટ**
- **૪૧,૭૮૮ અરજીઓ વાલીઓ દ્વારા કેન્સલ કરાઇ : ૧૮,૮૯૦ અરજીઓની ચકાસણીની પ્રક્રિયા ચાલુ**
- **જો મુદત લંબાવવામાં આવે તો, RTE હેઠળના પ્રવેશનો પ્રથમ રાઉન્ડ સમયસર જાહેર ન કરી શકવાના કારણોસર વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય પર અસર પડવાની સંભાવના**

આ સમયગાળા દરમિયાન ઓનલાઈન ફોર્મ ભરવા માટેની વેબસાઈટ http://rte.orpgujarat.com ઉપર વાલીઓ દ્વારા કુલ ૨,૦૪,૪૨૦ જેટલી અરજીઓ સબમીટ થઈ છે. જે પૈકી, આજની તારીખ સુધીમાં જિલ્લા કક્ષાએથી ૧,૧૯,૬૯૭ અરજીઓ એપ્રુવ અને ૨૪,૦૪૫ અરજીઓ રિજેક્ટ કરવામાં આવી છે. તે ઉપરાંત ૪૧,૭૮૮ અરજીઓ વાલીઓ દ્વારા કેન્સલ



કરવામાં આવી છે. જ્યારે ૧૮,૮૯૦ અરજીઓની ચકાસણીની પ્રક્રિયા હાલ ચાલુ છે. અરજીઓની ચકાસણીની કામગીરી તા.૦૭/૦૯/૨૦૨૦ સુધી કરવામાં આવનાર છે અને RTE પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ તા.૧૧/૦૯/૨૦૨૦ના રોજ જાહેર કરવામાં આવશે.

---

# ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ઓનલાઈન કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર,તા. ૨

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ 'ગંદકી મુક્ત ભારત અભિયાન' રાજય એન.એસ.એસ. એલ. ગાંધીનગર, ક્ષેત્રિય નિર્દેશાલય અમદાવાદ - ભારત સરકાર, કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ કેન્દ્ર તથા આજીવન શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગ ગૂજરાત વિદ્યાપીઠના સંયુકત ઉપક્રમે 'વ્યક્તિગત, સામુદાયિક સ્વચ્છતા અને આરોગ્યની જાળવણી' વિષય પર કાર્યશાળા યોજાઈ તેમાં નર્મદા અને નવસારી જિલ્લાના રાષ્ટ્રીય સેવા યોજના પ્રોગ્રામ ઓફિસરો જોડાયા હતા.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બી સી સોલંકી, નાયબ નિયામક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કમિશનર કચેરી ગાંધીનગર, રમેશભાઈ માછી, રાજય સંપર્ક અધિકારી એન એસ એસ ગુજરાત, સ્વાતિબા રાઓલ, વિષય ભૂમિકા તરીકે ડૉ. અરુણભાઈ ગાંધી, સંયોજક રાષ્ટ્રીય સેવા યોજના ગૂજરાત વિદ્યાપીઠ ઉપસ્થિત રહ્યા હતા. વિષય નિષ્ણાત તરીકે તેજસભાઈ, ડૉ. મોતીભાઈ દેવું, ડૉ. શેતલબેન બડોદિયા, ડૉ. નીરજભાઈ સીલાવટએ વાત કરી હતી.




અરુણભાઈ ગાંધીએ 'વૈશ્વિક કોરોનાની મહામારીની ગંભીરતા અને તેના આંકડાકીય માહિતી આપી' તેના સંદર્ભે ચર્ચા કરી હતી. રમેશભાઈ માછીએ આ કોરોનાની મહામારીમાં રાષ્ટ્રીય સેવા યોજનાનાં સ્વયંસેવકોએ કરેલી કામગીરી અને આવનાર સમયમાં આપણે આ સંદર્ભે શું કરી શકીશું. તેના વિશે વાત કરી હતી.

સ્વાતિબા રાઓલે અને બી સી સોલંકીએ તેમના અનુભવોની વાત કરી હતી. આ કાર્યક્રમમાં વિષય નિષ્ણાંત તરીકે મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના અધ્યાપક ડૉ. મોતીભાઈ દેવુ એ સ્વચ્છતા વિષય પર ઘર, ગામ અને વ્યક્તિગત સ્વચ્છતા કેવી રીતે રાખી શકાય અને સાથે સાથે તેમના અનુભવોની વાત કરી ઉદાહરણ સહિત ચર્ચા કરી હતી. તેમણે લોકડાઉન દરમિયાન એન એસ એસના સ્વયંસેવકોએ જે જે કામગીરી કરી હતી તેની વાત પણ કરી હતી. ડૉ. શેતલ બદોડિયાએ કોરોનાની મહામારીમાં કેવો ખોરાક લેવો જોઈએ તેની ચર્ચા કરી હતી. ડૉ. નીરજ સીલાવટએ કોરોનાની મહામારીમાંથી આપણે કેવી રીતે સાવચેત રહીને કાર્ય કરીશું અને યોગ વિશે વાત કરી હતી.

તેજસભાઈ ઠાકરે તેમના કોરોનાની પરિસ્થિતિમાં થયેલા અનુભવોની વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગૂજરાત વિદ્યાપીઠના કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ કેન્દ્રના કાર્યક્રમ અધિકારી ડૉ. પ્રવિણભાઈ દુલેરાએ કર્યું હતું. આવા કાર્યક્રમોમાં સંયોજક રમેશભાઈ મ. પટેલનું સતત માર્ગદર્શન મળતું રહ્યું છે.

---



સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલની બે વિદ્યાર્થીનીઓએએ જીટીયુની ફાઈનલ પરીક્ષાઆમાં ૧૦માંથી ૧૦ SPI મેળવ્યા... સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ રફાર્માસ્યુટિકલની સાયન્સીસ ગાંધીનગરની વિદ્યાર્થીનીઓ કુ. અવની સુરેશભાઈ પટેલ (SPI – 10.00, CPI 8.96) તથા કુ. રિધ્ધિ ગીરીશ મોઢ (SPI – 10.00, CPI – 8.66) દ્વારા વર્ષ ૨૦૨૦ ની ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની ૮માં સેમેસ્ટર બી.ફાર્મની ઓનલાઈન પરીક્ષાના બીજા ફેઝમાં યુનિવર્સીટી કક્ષાએ ક્રમશ પાંચમું તથા દશમું સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. આ ઉપલબ્ધિને સંસ્થાના સંચાલક કે. જી. પટેલ, પ્રિન્સીપાલ તથા સ્ટાફ દ્વારા બિરદાવીને તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# જન્મદિવસની અનોખી રીતે ઉજવણી

ગાંધીનગર, તા. ૨

અત્યારે આ કોરોનાના ની વૈશ્વિક મહામારી ચાલી રહી છે એવા કપરા સમયમાં તમામ કોરોના વોરીયર્સ પોતાની ફરજ ખુબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છે તેમાં એક એવો વિશિષ્ટ પરીવાર તેમના સૌની લાડલી પાર્થી રોશનભાઈ પટેલ તેમના જન્મ દિવસની ઉજવણીના ભાગરુપે ચોખ્ખા ઘીનો મોહનથાળ, પુરી, ચણા, પાપડ, દાળ, ભાત, સલાડ નુ પુરૂ ભોજન કોરોના વોરીયર્સ એવા ફાયર બ્રિગેડના જવાનો,



૧૦૮ના કર્મચારીઓ અને ગરીબ બાળકોને, સ્લમ વિસ્તારમાં ભોજન પીરસવામાં આવ્યું. આ પરીવારનું સમગ્ર સમાજને આહવાન છે કે દરેક વ્યક્તિએ પોતાનો જન્મદિવસ કોઈક જરૂરિયાતમંદ લોકોને અલગ અલગ રીતે મદદ કરી ઉજવવો જોઈએ તો તે સાચા અર્થમાં ઉજવણી ગણાય. અને આ રીતે ઉજવણી કરજો તો એક અનેરા આનંદની લાગણીનો અનુભવ થાય છે. સમગ્ર કાર્યક્રમ માં રાધે-રાધે પરીવાર ગ્રુપના સાથી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

---

## જન્મદિને વધામણી




ડો. રાજેશભાઈ બી શાહ
ટ્રેઝરર અને ટ્રસ્ટી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૨૫૦ ૦૮૬૩૦



કનુભાઈ શીવલાલ શાહ
શ્રી વિનય ટ્રેડર્સ
મો. ૯૯૨૫૦ ૧૨૪૮૬



સોનીભાઈ સાબુવાળા
મો. ૯૪૨૭૪ ૧૮૨૪૪



વેન્સી કલ્પેશકુમાર પટેલ



ફેઝાન
મો. ૯૩૨૭૧ ૩૨૩૮૯

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**- સંપાદક**

---

**સમગ્ર એશિયામાં સૌપ્રથમવાર**

# 'ફોરેન્સિક જર્નાલિઝમ'નો સર્ટિફિકેટ કોર્સ GFSU ગાંધીનગર દ્વારા શરૂ કરાયો

**GFSU, ગાંધીનગર દ્વારા 'FORENSIC JOURNALISM IN THE NEW ERA' વિષય પર વેબિનાર યોજાયો**

ગાંધીનગર, તા. ૨

રાષ્ટ્રીય વરિષ્ઠ પત્રકાર શ્રી ઉદય માહુરકર, ડૉ.બ્રજેશકુમાર સિંઘે GFSU દ્વારા કોર્સ શરૂ કરવાને સમયની માગ (A need of hour) ગણાવીને કહ્યું 'ફોરેન્સિક ક્ષેત્રે પત્રકારોને તજજ્ઞ બનાવવામાં આ કોર્સ ખૂબ ઉપયોગી સાબિત થશે'

વિશ્વની સૌપ્રથમ અને એકમાત્ર ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (GFSU), ગાંધીનગરના ડાયરેક્ટર જનરલ ડો. જે. એમ. વ્યાસના માર્ગદર્શન હેઠળ GFSU દ્વારા એક નવા કોર્સ - 'સર્ટિફિકેટ કોર્સ ઈન ફોરેન્સિક જર્નાલિઝમ' નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં એક વેબિનારનું આયોજન તા. ૦૧/૦૯/૨૦૨૦ ના રોજ મંગળવારે કરવામાં આવ્યું હતું.

આ વેબિનાર અંગેની વિગતો આપતાં IFSના નિયામકશ્રી પ્રો.એસ.ઓ. જુનારેએ જણાવ્યું કે ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી(GFSU)-ગાંધીનગર દ્વારા મંગળવારે "FORENSIC JOURNALISM IN THE NEW ERA" વિષય ઉપર સૌપ્રથમવાર વેબિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં




મુખ્ય વકતાઓમાં ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના મહાનિયામક ડો. જે. એમ. વ્યાસ દ્વારા 'Forensic Sciences in the New Era and New Field` વિષય ઉપર તલસ્પર્શી વિગતવાર વ્યાખ્યાન આપવામાં આવેલ. જ્યારે ઈન્ડિયા ટુડે ગ્રૂપના ડેપ્યુટી એડિટર ઉદય માહુરકર દ્વારા 'Unique Synergy of Forensic and Journalism and New Hope' વિષય ઉપર સારગર્ભિત વ્યાખ્યાન અપાયું હતું. જ્યારે નેટવર્ક ૧૮ ગ્રૂપના ગ્રૂપ કન્સલ્ટિન્ગ એડિટર ડૉ.બ્રજેશકુમાર સિંઘ દ્વારા 'New Vista in the field of Forensic Journalism and New Scope` વિષય ઉપર નોંધનીય પ્રવચન અપાયું હતું. બન્ને રાષ્ટ્રીય વરિષ્ઠ પત્રકારો દ્વારા યુનિવર્સિટી દ્વારા શરૂ થયેલા આ કોર્સને સમયની માંગ (A need of hour) જણાવીને ભારપૂર્વક ઉમેર્યું હતું કે વધતાં જતાં Cyber Crimeના સમયમાં સમાજમાં આ પ્રકારનાં કોર્સની આવશ્યકતાને GFSU પૂર્ણ કરશે અને આ ક્ષેત્રના તજજ્ઞ તૈયાર કરવામાં ફોરેન્સિક જર્નાલિઝમનો કોર્સ ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી(GFSU)-ગાંધીનગરના ડાયરેક્ટર જનરલ ડો. જે. એમ. વ્યાસે વેબિનારમાં જણાવ્યું હતું કે GFSU દ્વારા સમગ્ર એશિયામાં સૌપ્રથમવાર 'ફોરેન્સિક જર્નાલિઝમ'નો સર્ટિફિકેટ કોર્સ શરૂ કરાયો છે. ફોરેન્સિક જર્નાલિઝનો મુખ્ય હેતુ ગુનાની સત્યતા બહાર લાવવી, સચોટ, પારદર્શક, વિશ્વસનીયતા સાથેની માહિતી સમાજ સુધી પહોંચાડવાનું કામ કરનારા વિશેષજ્ઞ અને કુશળ (Specialist and Skilled) પત્રકાર તૈયાર કરવાની છે. છ મહિનાનો આ કોર્સ કોરોનાને પગલે પ્રથમ ત્રણ મહિના ઓનલાઈન થશે તથા જેમને આ સર્ટિફિકેટ કોર્સમાં ભાગ લેવાની ઈચ્છા હોય તેઓ હજી પણ કોર્સમાં જોડાવા ઓનલાઈન એપ્લિકેશન કરી શકે છે.

પત્રકારત્વ ક્ષેત્રે ડિપ્લોમા કે ડિગ્રી પ્રાપ્ત કરેલા વિદ્યાર્થીઓ માટે આ કોર્સ ઉપયોગી સાબિત થશે. આ કોર્સમાં ફોરેન્સિક ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીને પણ આવરી લેવાશે. ફોરેન્સિક જર્નાલિઝમમાં સચોટ માહિતી અને સત્યતા સાથેનો અહેવાલ તૈયાર થાય તે માટે ચાર મહત્ત્વની બાબતોને આવરી લેવામાં આવશે. તથ્યપૂર્ણ વિગતો હોય, સામાજિક સંવાદિતામાં વધારો થાય, કોઈનાથી દોરાયા વગર સ્વતંત્રપણે માહિતી પ્રાપ્ત થાય, જવાબદાર અને પારદર્શક વિગતો આવે. જેનાથી Fake News (ખોટી માહિતી) વિનાનાં તથ્યપૂર્ણ સમાચાર સમાજ સમક્ષ રજૂ થાય.

---

# એનસીપીના પ્રદેશ ઉપપ્રમુખ અને સૌરાષ્ટ્ર વિભાગ પ્રભારી તરીકે નિષ્ઠાવાન આગેવાન સી આર પટેલની નિમણુંક

ગાંધીનગર, તા.૨

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષમાં સી આર પટેલની સી આર પટેલને ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ અને સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી તરીકે નિયુક્તિ આપવામાં આવી છે. ભાજપના સી આર પાટીલ સામે રા. કોં. પા. એ સી આર પટેલને મેદાને ઉતાર્યા છે. ગુજરાતમાં NCP ને મજબૂત કરવા માટે શરદ પવારે સોગઠા ગોઠવવાનું શરુ કર્યું છે.

સી.આર.પટેલ સૌરાષ્ટ્રમાંથી ખુબજ ચુસ્ત રાષ્ટ્રવાદી પરિવારમાંથી આવે છે. તેઓ ઘણા જ સંનિષ્ઠ અને સક્રિય રાજકારણનો ખુબજ બહોળો અનુભવ ધરાવે છે. તેઓએ લગભગ ચાર દાયકાથી કોંગ્રેસ પક્ષના વિવિધ હોદ્દાઓ સંભાળેલા છે. સૌરાષ્ટ્રના દરેક જિલ્લાના પ્રભારી તરીકે તથા રાજકોટ મહાનગરપાલિકાના ઈન્ચાર્જ તરીકે સંગઠનની કામગીરી કરેલી છે. ઉપરાંત દુષ્કાળ વખતે ગુજરાત રાહત સમિતિના નેજા હેઠળ ખુબજ ઉમદા કામગીરી કરેલી છે.

આવી ઉજ્જ્વળ રાજકીય સફર ધરાવતા સી.આર. પટેલને જ્યારે એન.સી.પી.એ ઉપ-પ્રમુખ તથા સૌરાષ્ટ્રના ઈન્ચાર્જ તરીકે નિમણુંક કરેલી છે તેને કાર્યકરો યોગ્ય તથા ખુબજ આવકાર આપી રહ્યા છે. તેમની નિમણુંકથી



એન.સી.પી. તેમના રાજકીય અનુભવ અને પ્રયત્નથી સૌરાષ્ટ્રમાં મજબૂત બનશે. કોંગ્રેસ, ભાજપ અને આમાદમીના મતદારોને એનસીપી તરફ ખેંચી લાવશે.

ગુજરાતમાં આગામી સૌરાષ્ટ્રની ૫ વિધાનસભાની બેઠકો માટેની પેટા ચૂંટણી થવા જઈ રહી છે. તેઓ મતોનો ફાયદો મેળવવાની ગણતરી રાખે છે. ખાસ કરીને મોરબી સહિતની તમામ બેઠકની પેટા ચૂંટણીમાં બી.જે.પી અને કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારના વિવાદની વચ્ચે એન.સી.પીના ઉમેદવારની સ્થિતિ મજબૂત બનશે. આવા સંજોગોમાં સી.આર.પટેલની ભૂમિકા તથા માર્ગદર્શન ખૂબ જ મહત્વપૂર્ણ બનશે. ભાજપના સી આર પાટીલની સામે રાકોંપાએ સી આર પટેલને મેદાને ઉતાર્યા છે.

તેઓ ચૂંટણીના ગણીત અને જીતની વ્યૂહરચના ગોઠવવામાં માહીર છે. કોંગ્રેસના અનેક નેતાઓને ચૂંટણી જીતાડી આપવા વ્યૂહરચના ગોઠવી આપી હતી.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ જયંત પટેલ (બોસ્કી)એ રાષ્ટ્રીય અધ્યક્ષ શરદ પવારની અનુમતિથી તેમજ ગુજરાત પ્રદેશ પ્રભારી પ્રફુલ પટેલની સુચના અને આદેશથી નિમણુંક કરી છે. કાર્યકરો આનંદની લાગણી અનુભવે છે. એનસીપીના સંગઠનને મજબુત બનાવવાની જવાબદારીમાં જવ્લલંત સફળતા મળે તેવી શુભકામનાઓ પણ પાઠવી છે.